# Day to Day Current Affairs

## 1. March 2016

### ૧. કેન્દ્રિય બજેટ ૨૦૧૬-૨૦૧૭ :

- નાણા પ્રધાન – અરૂણ જેટલી
- અંદાજપત્રનું કદ – 1978060 કરોડ
- બજેટમાં અમુક મહત્વના ક્ષેત્રોમાં નીચે મુજબ રૂપિયાની ફાળવણી કરી છે.

  સંરક્ષણ ક્ષેત્રે : 2.58 લાખ કરોડ
  કૃષિ ક્ષેત્રે : 44000 કરોડ
  સ્વાસ્થ્ય ક્ષેત્રે : 151581 કરોડ
  મનરેગા : 38500 કરોડ
  પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના : 1900 કરોડ
  પાક વિમા : 5500 કરોડ
  સ્વચ્છ ભારત અભિયાન : 9000 કરોડ
  સ્કિલ ડેવલપમેન્ટ : 1804 કરોડ

* બજેટના મહત્વના અંશો :

- પ્રધાનમંત્રી જન ઔષધિ યોજના અંતર્ગત 3500 મેડિકલ સ્ટોર ખોલાશે જ્યાં દવા મળશે.
- 2018 સુધીમાં દેશન દરેક ગામમાં વિજળી પહોચશે
- એકસાઇઝ ડ્યુટીમાં 10 થી 15 ટકાનો વધારો.
- વર્ષે 1 કરોડ કે વધુ આવક હશે તેને સરચાર્જ 15 ટકા ચુકવવો પડશે.
- ભાડાના મકાનમાં રહેતા લોકોને વર્ષે 60 હજાર રૂપિયાની ટેક્સમાં રાહત.
- 5 લાખ સુધીની આવક પર ટેક્સમાં ત્રણ હજાર રૂપિયાનો ફાયદો.
- ચાંદીને છોડીને અન્ય આભુષણો પર 1 ટકા ટેક્સ.
- સ્વાસ્થ્ય સુરક્ષા યોજના શરૂ કરાશે જે અંતર્ગત પરિવાર દિઠ એક લાખ રૂપિયા સ્વસ્થ્ય કવર આપશે, આવા પરિવારમાં 60 વર્ષથી વધુ વયના માટે જો બિમાર હશે તો વધારાના 30 હજાર મળશે.
- દોઢ કરોડ બીપીએલ પરિવારને ફ્રીમાં એલપીજી કનેકશન આપવામાં આવશે જે મહિલાઓના નામે હશે.
- આ વર્ષ આંબેડકર જયંતિ નિમિતે ઇ-માર્કેટિંગ પ્લેટફોર્મ શરૂ કરાશે.
- વર્ષ 2016-17 માટે કૃષિ ક્રેડીટ 9 લાખ કરોડ
- ત્રણ વર્ષમાં 5 લાખ એકર જમીન ઓર્ગેનિક ફાર્મિંગ અંતર્ગત લાવવામાં આવશે.
- 14 કરોડ ખેડુતોને મુદા સ્વાસ્થ્ય કાર્ડ અપાશે
- 15 હજાર કરોડ રૂપિયા ખેડુતો પરના વ્યાજના બોજને ઓછો કરવા માટે ફાળવાયા.
- આધાર કાર્ડ માટે નવો કાયદો ઘડવામાં આવશે.
- કચરામાંથી ખાતર બની શકે તે માટે એક રાષ્ટ્રીય સ્તરની યોજના બનાવાશે.
- મનરેગા અંતર્ગત દેશમાં 5 લાખ કુવા બનાવવામાં આવશે જેનો ઉપયોગ સિંચાઇ માટે થશે.
- ડેરી ઉદ્યોગ માટે ચાર નવી યોજના લાવવામાં આવશે.
- દરેક સરકારી જિલ્લા હોસ્પિટલોમાં ડાયાલીસીસ થશે.
- સરકારી બેંકોને 25 હજાર કરોડ રૂપિયાનું ફંડ
- શાળા કોલેજોમાં ડિજિટલ સર્ટિફિકેટ અપાશે.
- 160 એરપોર્ટને રાજ્ય સરકાર સાથે મળીને નવો ઓપ અપાશે.
- સ્ટેન્ડ અપ યોજના હેઠળ એસસી એસટી મહિલા સાહસિકો માટે 500 કરોડની ફાળવણી.
- વર્ષ 2022 સુધી કૃષિ આવક બમણી કરાવાનું લક્ષ્ય.
- કેન્દ્ર સરકારે પંડિત દીનદયાળ ઉપાધ્યાય અને શીખ ધર્મગુરુ ગુરુગોંવિદસિંઘની જન્મજયંતિની ઉજવણી માટે રૂ 100-100-કરોડની જાહેરાત કરી.
- આ વર્ષ ગુરુગોંવિદસિંઘની 350મી જન્મજયંતિ જ્યારે પંડિત દિનદયાળ ઉપાધ્યાયની 100મી જન્મજયંતિ છે.
- આ ઉપરાંત સરકારે લાલા લજપતરાયની 150મી જન્મજયંતિ નિમિતે રૂ 10નો સિક્કો બહાર પાડવાની જાહેરાત કરી.
- તેમજ તાત્યાટોપેની 200મી જન્મજયંતિ પણ સરકારે ઉજવશે. તેમજ મહારાણા પ્રતાપની 475મી જન્મજયંતિ પણ ઉજવાશે.
- ભારત સરકાર આવતા વર્ષે એટલે કે 2017માં 70મો સ્વાતંત્ર્ય દિન ઉજવશે જેમા 'એકભારત, શ્રેષ્ઠ ભારત' કાર્યક્રમની શરૂઆત થશે.
- આ કાર્યક્રમ અનેકતાની એકતા વધારવા રાજ્યો માટે થશે.
- 1 એપ્રિલ 2016થી કૃષિકલ્યાણ સેસ 0.5 ટકા લાગશે જેના પગલે સર્વિસ ટેક્સ હવે 14.50ના બદલે 15 ટકા થઇ જશે.
- કેન્દ્ર સરકારે બજેટમાં કરચોરોને કાળા નાણા જાહેર કરવા માટે મર્યાદિત સમયની કોમ્પ્લાયન્સ વિન્ડોની જાહેરાત કરી છે.
- આ અંતર્ગત 30 ટકા ટેક્સ, 7.5 ટકા સરચાર્જ અને 7.5 ટકા પેનલ્ટી ભરીને કોઇપણ પ્રકારની સંપતિ અથવા છુપાવેલી આવક જાહેર કરી શકશે.
- આમ કાળુ નાણુ સફેદ કરવા માટે કુલ 45 ટકા રકમ ચુકવવી પડશે.
- આ પ્રકારે સંપતિ જાહેર કરનારની કોઇ કાયદા અંતર્ગત ચકાણઈ કરાશે નહી.
- કોમ્પ્લાયન્સ વિન્ડો 1 જુનથી 30 સપ્ટેમ્બર સુધી ખુલ્લી રહેશે

Vivekanand Academy, Gandhinagar

- સ્ટાર્ટ અપ યોજના હેઠળ એક જ દિઅવ્સમાં નવી કંપનીનું રજિસ્ટ્રેશનની કામગીરી થઇ શકશે.
- જેમાં ત્રણ વર્ષ સુધી કરમુકતિ આપવામાં આવશે
- 62 નવી નવોદય વિદ્યાલયો ખોલવામાં આવશે.
- પહેલીવાર મકાન ખરીદનારને વ્યાજમાં વાર્ષિક 50 હજાર રૂપિયાની વધારાની છુટ આપવામાં આવશે.
- આ અંતર્ગત મકાનની કિંમત મહતમ 50 લાખ હોવી જોઇએ અને વધુમાં વધુ35 લાખ સુધીની લોન હોવી જોઇએ
* બજેટનો ઇતિહાસ :
- આઝાદ ભારતનું પહેલુ બજેટ આરકે.શણમુખમ શેટીએ 1947ની 16મી નવેમ્બરે રજુ કર્યું હતું
- એ પછી નાણા પ્રધાન અરુણ જેટલી દ્વારા રજુ થયેલ આ બજેટ 83મુ બજેટ છે.
- ભારતમાં પહેલુ બજેટ 1860ની 7મી એપ્રિલે અંગ્રેજ અધિકારી જેમ્સ વિલ્સને રજુ કર્યું હતું
- પ્રજાસત્તાક બન્યા પછી દેશનુ પ્રથમ બજેટ 1950ની 28મી ફેબ્રુઆરીએ નાણામંત્રી જહોન મથાઇએ રજુ કયુ હતું
- ભારતમાં બજેટ સાંજે 5 વાગે રજુ કરવાની પ્રથા 1924માં અંગ્રેજ અધિકારી બેલિસ બ્લેકેટે શરૂ કરી હતી.
- વર્ષ 2000માં તત્કાલિન નાણામંત્રી યશવંતસિંહાએ વર્ષો જુની પ્રથા ફગાવી બજેટની રજુઆત સવારે 11 વાગે કરવાની પરંપરા શરૂ કરી.
- 1955-56થી દરેક બજેટના કાગળો અંગ્રેજી ઉપરાંત હિન્દીમાં પણ તૈયાર થવાની શરૂઆત થઇ.
- 1958-59માં નહેરૂ વડાપ્રધાન હોવા ઉપરાંત નાણામંત્રી પણ હતા માટે તેમણે બજેટ રજુ કર્યું હતું
- બજેટ રજુ કરનાર એક માત્ર મહિલા નાણામંત્રી ઇન્દિરા ગાંધી
- મોરારજી દેસાઇએ સૌથી વધુ દસ વખત બજેટ રજુ કર્યું હતું એમાથી 1964 અને 1968ના બજેટ એવા હતા જે તેમણે તેમના જન્મ દિવસે 29 ફેબ્રુઆરીએ રજુ કર્યા હતાં
- આર.વેંકટરમન અને પ્રણવ મુખર્જી એવા વ્યકિત છે જેઓ નાણામંત્રી રહી ચુક્યા હોય અને રાષ્ટ્રપતિ પણ બન્યા
- નહેરુ, ઇન્દિરાગાંધી,વી.પી.સિંહ અને રાજીવ ગાંધી એવા વ્યક્તિઓ છે જેઓ વડાપ્રધાન પણ હતા અને નાણામંત્રી પણ રહી ચુક્યા હતાં
- ભારતનું પ્રથમ બજેટ ઇન્ટરિમ એટેલે કે મધ્યકાલીન બજેટ હતું. ઇન્ટરિમ શબ્દ પણ શરમુખમ શેટ્ટીએ 1948-49ના બજેટ માટે વાપર્યો હતો. કેમ કે બજેટ નવેમ્બરમાં રજુ થયું હતું અને 31 માર્ચ સુધી જ કામ લાગવાનું હતું
- સૌપ્રથમવાર 1995માં ટીવી.ઉપર બજેટનું જીવંત પ્રસારણ શરૂ થયું અને દેશના લોકોને નાણામંત્રી ડો.મનમોહંસિંહે અંદાજપત્ર રજુ કરતા જોવાનો લાભ મળ્યો હતો.

Vivekanand Academy, Gandhinagar